નવગુજરાત સમય

## નવો બિઝનેસ શરૂ કરવા માટેની પ્રક્રિયાઓ સરળ બનાવાશે

# ‘સ્ટાર્ટઅપ્સ’ માટે ત્રણ વર્ષ સુધી વેરામાં રાહત: મોદીની જાહેરાત

**એજન્સી** > નવી દિલ્હી

દેશમાં નવો બિઝનેસ શરૂ કરવા માગતા લોકો માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’ લોન્ચ કર્યો છે. કેન્દ્ર સરકાર સ્ટાર્ટઅપને પ્રાથમિકતા આપશે તેમ કહીને મોદીએ કહ્યું કે, નવો બિઝનેસ કરનારને ત્રણ વર્ષ સુધી કોઈ ટેક્સ ભરવાનો રહેશે નહીં અને કોઈ અધિકારી પણ તેની તપાસ નહીં કરે. સ્ટાર્ટઅપ માટે નાના ફોર્મ દ્વારા ઈ-રજિસ્ટ્રેશન અને પેટન્ટ ફીમાં ૮૦ ટકા સુધીની રાહતની જાહેરાત પણ તેમણે કરી છે. મોદીએ કહ્યું કે, નવો બિઝનેસ કરનાર માટે દેશમાં મુખ્ય શહેરોમાં સલાહ માટે નિ:શુલ્ક વ્યવસ્થા પણ કરાશે. સરકાર નવા ધંધા-રોજગાર ખોલનારાઓ માટે ૧૦ હજાર કરોડ રૂપિયાનું ફંડ બનાવશે અને તેમાંથી દર વર્ષે ૨૫૦૦ કરોડ સ્ટાર્ટઅપ્સને અપાશે.

મોદીએ કહ્યું કે ભારતમાં ઘણાં લોકો પાસે આઈડિયા છે અને મોકો મળે તો તેઓ કમાલ બતાવી શકે છે. સ્ટાર્ટઅપથી ઉબેર કુબેર બની ગયું છે. આજે ટેક્નોલોજીના જમાનામાં લોકો પોતાની વાત તરત દુનિયાના બીજા ખૂણે પહોંચાડી શકે છે, તેમ કહીને તેમણે કહ્યું કે, મેક ઈન ઈન્ડિયા મેક ફોર ઈન્ડિયા પણ છે.

>> અનુસંધાન p6

### સોફ્ટ બેંક $10 અબજ રોકશે

ભારતમાં ઝડપથી વધી રહેલી વિકાસની સંભાવનાને ધ્યાનમાં રાખીને જાપાનની સોફ્ટબેંકના ચેરમેન અને CEO માસાયોશી સને જણાવ્યું છે કે ભારતીય કંપનીઓમાં બે અબજ ડોલરનું રોકાણ કર્યું છે અને આવનારા વર્ષોમાં રોકાણ વધારીને ૧૦ અબજ ડોલરનું કરશે.



### સ્ટાર્ટઅપ માટે એક્શન પ્લાન

- ત્રણ વર્ષ સુધી ટેક્સ કે ઈન્સ્પેક્શન નહીં.
- સેલ્ફ સર્ટિફિકેટ આધારિત કોમ્પ્લાયન્સ
- વેબ પોર્ટલ, મોબાઈલ એપ
- એક્ઝિટની પણ વ્યવસ્થા
- પેટન્ટ ફીમાં ૮૦ ટકા સુધીની રાહત
- મુખ્ય શહેરોમાં સલાહ માટે નિ:શુલ્ક વ્યવસ્થા
- ₹ ૧૦ હજાર કરોડનું ફંડ ઉભું કરાશે
- ચાર વર્ષ સુધી ₹ ૫૦૦ કરોડનુ પ્રતિ વર્ષ ગેરંટી ફંડ
- શેર માર્કેટ વેલ્યૂથી ઉપરના રોકાણમાં ટેક્સની છૂટછાટ

નવગુજરાત સમય

## ‘સ્ટાર્ટઅપ્સ’ માટે…

પોતાની સરકાર દરેકને સુવિધા આપવા માગે છે એમ તેમણે ઉમેર્યું હતું. સ્ટાર્ટ-અપ કારોબારોને પ્રોત્સાહન માટે આગામી બજેટમાં નવા સાહસો માટે લૉંગ-ટર્મ કેપિટલ ગેઈન્સ ટેક્સ ઘટાડવાનો સંકેત આપ્યો છે. “અમે સાહસિકોને અનુકૂળ કર વ્યવસ્થા પર કામગીરી કરી ચૂક્યાં છીએ.હવે કાયદાકીય જોગવાઈઓ જરૂરી છે, જેને બજેટની રજૂઆત વખતે નાણાંખરડાંના ભાગ તરીકે જ લવાશે,” એમ નાણામંત્રીએ જણાવ્યું હતું.